**અમદાવાદ ગ્રામ્યના ૧૦માં એડી. ચીફ જ્યુડી. મેજીસ્ટ્રેટ જી.ટી.સોલંકી સાહેબશ્રીની કોર્ટમાં, નવરંગપુરા**

**ફોજદારી કેસ નંબર – 19030/2026**

**આંક:-**

ફરીયાદ :- શ્રી સરકાર

**// વિરુધ્ધ//**

આરોપી :- ૧. મહીપતસિંહ ઉર્ફે લાલો કનુભાઈ સોલંકી, ૨. ઈમરાન બશીરમીયા મલેક,
૩. અમતીભાઈ રતીભાઈ પટેલ, ૪. અલ્પેશ અરતભાઈ પ્રજાપતિ,

બાબત :- જુગારધારાની કલમ- ૧૨(અ) મુજબ

---

**//ચુ કા દો//**

(૧) ફરિયાદ પક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે,આરોપી સામે જુગારધારાની કલમ- ૧૨(અ) મુજબ મુજબના શિક્ષાને પાત્ર ગુના અંગે ઈન્સાફી કાર્યવાહી કરવા માટે પોલીસ ચાર્જશીટ કોર્ટ સમક્ષ રજુ કરવામાં આવેલ છે અને ચાર્જશીટને ફોજદારી કેસ નંબર આપવામા આવેલ.

(૨) આરોપી ને સમન્સ કરતા કોર્ટ રૂબરૂ હાજર થતા તેઓને પોલીસ પેપર્સની નકલો મફત આપવાની ખાત્રી કરેલ છે. આરોપીની પ્લી રેકર્ડ કરતા ગુના કબુલાત અંગે પુછતા તેઓ ગુનાની કબુલાત કરતા હોઈ તેઓની ગુના ની કબુલાત પુરસીસ રેકર્ડ કરી અને તેમાં તેઓએ જણાવેલ છે કે,તેઓને ગુનો સ્વેચ્છાએ કબુલ કરે છે. તેઓનો આ પ્રથમ ગુનો છે અને તેઓ કોઈ પણ જાતની ધાક ધમકી કે દબાણ વગર ગુનો કબુલ કરે છે અને તેને ઓછી સજા કરવા તથા દયા રાખવા વિનંતી કરી છે. આ કામે આરોપી ખરેખર પોતાની સ્વેચ્છાએ ગુનો કબુલ કરતો હોવાની ખાત્રી કરવામાં આવેલ છે. આરોપીની કબુલાત કરતા હોય અનેઆરોપીના ઉપરોકત સંજોગો જોતાં દોષિત ઠરાવી અને આરોપી દંડની સજા કરવી વાજબી જણાતી હોય ન્યાયના હિતમા નીચે મુજબ હુકમ કરૂ છું.

**//હુ ક મ//**

(1) આરોપીઓ ને બી.એન.એસ.એસની કલમ ૨૫૨ અન્વયે જુગારધારાની કલમ- ૧૨(અ) અન્વયેના ગુના સબબ તકસીરવાન ઠરાવી આરોપી ને રૂપિયા ૧૦૦ X ૪ =૪૦૦ /- ( શબ્દોમા ચાર સો રૂપિયા પુરા) નો દંડ ભરવાનો હુકમ કરવામાં આવે છે જો દંડ ન ભરે તો દિન – ૨ ની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે.

(2) આ કામે મુદ્દામાલ પાવતીની વિગતે કબજે કરવામાં આવેલ કીંમતી મુદ્દામાલ વચગાળાની કસ્ટડી તરીકે સોપવાનો હુકમ કરવામાં આવેલ હોય તો તે બીનશરતી કાયમી કરવામાં આવે છે અને જો વચગાળાની કસ્ટડી તરીકે સોપવાનો હુકમ કરેલ ના હોય તો ફોજદારી કાર્યવાહી સંહિતાની કલમ ૪૫૨ અન્વયે અરજી કરે થી હકદાર વ્યક્તિને સોંપી આપવો. વધુમાં બીન કીંમતી મુદ્દામાલનો અપીલ સમય વીતેથી નાશ કરવો. વધુમાં જો મુદ્દામાલ તરીકે રોકડ રકમ કબજે કરવામાં આવેલ હોય તો અપીલ સમય બાદ સરકાર ખાલસા કરવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજ રોજ તા. ૧૧ મી, માહે- જુલાઈ, સને- ૨૦૨૬ ના રોજ સ્પે. સીટીંગમાં વાંચી સંભળાવી જાહેર કર્યો. ડ

તા ૧૧/૦૭/૨૦૨૬
સ્થળ : અમદાવાદ

( જી.ટી.સોલંકી)
૧૦માં એડી. ચીફ. જ્યુડી. મેજી.
અમદાવાદ (ગ્રામ્ય) નવરંગપુરા
યુ.આઈ.સી. નં.જીજે. ૦૧૨૯૨